

ૐ

# સંતશ્રી રોહીદાસ વંશી વઢીયાર-જતોડા પરગણા સમાજ





# જ્ઞાતિ બંધારણ







## બંધારણ

વિક્રમ સંવત ૨૦૬૩ના ફાગણ સુદ ૧ ને રવિવાર તા. ૧૮-૨-૨૦૦૭ના રોજ શેરપુરા (વારાહી) મુકામે શ્રી ભાવાભાઈ કુંવરાભાઈ પોરઘીયાના નિવાસ સ્થાને મંજુર રાખ્યું.

## બંધારણ સુધારા-વધારા-૧

વિક્રમ સંવત ૨૦૬૪ના પોષ વદ ૬ તા. ૨૭-૧-૨૦૦૮ને રવિવાર ના રોજ ઝાંઝણસર મુકામે શ્રી સોમાભાઈ દેવજીભાઈ સોલંકીના નિવાસ સ્થાને સુધારા કર્યો.

## બંધારણ સુધારા-વધારા-૨

વિક્રમ સંવત ૨૦૭૧ના પોષ વદ ૧૦ (દશમ) ને ગુરૂવાર તા. ૧૫-૧-૨૦૧૫ના રોજ શ્રીનાથ મુકામે શ્રી જેહાભાઈ માનાભાઈ મકવાણાના નિવાસ સ્થાને સુધારા વધારા કર્યા.

Scanned by CamScanner

સોમાભાઈ રૂપાભાઈ રામભાઈ મકવાણા મુ. શ્રીનાથ તા. રાધનપુર

**શ્રી ગણેશાય નમઃ** | **સંતશ્રી રોહિદાસ ભગવાનની જય**

**ડૉ. બાબા સાહેબ આંબેડકરની જય** | **સંતશ્રી ત્રિકમ સાહેબની જય**

**શ્રી સતનામ મૂળહંસ મંડળની જય** | **ગત ગંગાની જય**

વિક્રમ સંવત ૨૦૬૩ના ફાગણ સુદ ૧ (એકમ) ને રવિવાર તા. ૧૮-૨-૨૦૦૭ના રોજ સમસ્ત વઢીયાર-જતોડા પરગણા (રાધનપુર, સમી, મુજપુર, વારાહી) ના રોહિદાસ વંશી સમાજના ભાઈઓની નાત ગંગા શ્રી સત્નામ મુળહંસ મંડળના નેજા હેઠળ શ્રી ભાવાભાઈ કુંવરાભાઈ પોરઘીયા (પરમાર) મુ. શેરપુરા (વારાહી) ના નિવાસ સ્થાને એકત્ર થઈને જ્ઞાતિના ધારા ધોરણો નીચે મુજબ ઘડીને સર્વાનુમતે મંજુર રાખેલ છે.

## સુધારા નંબર-૧

વિક્રમ સંવત ૨૦૬૪ના પોષ વદ ૬ (છઠ્ઠ) ને રવિવાર તા. ૨૭-૧-૨૦૦૮ના રોજ સમસ્ત વઢીયાર-જતોડા પરગણા (રાધનપુર, સમી, મુજપુર, વારાહી) ના રોહિદાસ વંશી સમાજના ભાઈઓની નાત ગંગા શ્રી સોમાભાઈ દેવજીભાઈ સોલંકીના નિવાસ સ્થાન ઝાંઝણસર મુકામે એકત્ર થઈને જ્ઞાતિના ધારા ધોરણોમાં સુધારા વધારા કરીને સર્વાનુમતે મંજુર રાખેલ છે.

## સુધારા નંબર-૨

વિક્રમ સંવત ૨૦૭૧ના પોષ વદ ૧૦ (દસમ) ને ગુરૂવાર તા. ૧૫-૧-૨૦૧૫ ના રોજ સમસ્ત વઢીયાર-જતોડા પરગણા (રાધનપુર, સમી, મુજપુર, વારાહી) ના રોહિદાસ વંશી સમાજના ભાઈઓની નાત ગંગા શ્રી સતનામ મુળહંસ મંડળના નેજા હેઠળ શ્રી જેહાભાઈ માનાભાઈ મકવાણાના નિવાસ સ્થાન શ્રીનાથ મુકામે એકત્ર થઈને જ્ઞાતિના ધારા ધોરણોમાં સુધારા વધારા કરીને સર્વાનુમતે મંજુર રાખેલ છે.

# બંધારણની કલમો

### કલમ-૧ સગપણની વિગત ::

સગાઈ કરવા અગિયાર (૧૧) વ્યકિતએ જવું સગાઈના રીવાજમાં શ્રીફળ, એક રૂપિયો અને ચુંદડી આપવી. ચુંદડી રૂા. ૫૦૦/-ની મર્યાદામાં લઈ જવી. સોના-ચાંદીના દાગીના, બંગડી બોકસ કે બીજી કોઈ ચીજવસ્તુ લઈ જવી નહિ. જમણમાં યથા શકિત પ્રમાણે ભોજન આપવું. બન્ને પક્ષેથી રૂા. ૨૦ + ૨૦ લઈને ગોળ વહેચવો. સગપણની વિધી દિવસે રાખવી. સગાઈ કરવા સવારે આવે અને સાંજે પરત થાય, આવેલ મહેમાનને વ્યકિત દીઠ રૂા. ૧૦-૧૦ માનપાનના આપવા. સગાઈ કર્યા પછી જમાઈને પેન્ટ તથા કન્યાને સાડી

[illegible]

Scanned by CamScanner

ઓઢાડવાની પ્રથા ચાલુ કરવામાં આવે છે. સાડી લઈ જનાર સ્ત્રીઓને રૂા. ૧૦-૧૦ માન પાનના આપવા.

સગાઈ કર્યા સિવાય જાન લઈને જવું નહિ. માંડવે સગાઈ વહેવાર કરવો નહિ, સગાઈ કર્યા પહેલા કોઈપણ જાતનો વહેવાર કરવો નહિ. સગાઈમાં મંદિરમાં રૂા. ૧૦૧/-, બ્રાહ્મણને રૂા. ૧૦૧/- આપવા. માંડવે સગાઈ કરવાની છુટ આપેલ છે

## હાયડાની વિગત ::

શ્રીફળ-૧, સવાશેર હાયડો, સવાશેર ખજુર, સવાશેર મીઠાઈ, સવાશેર પતાસા, સવાશેર ખારેક, સાકર ભરેલી કાછલી લઈ જવી, સવાશેર ધાણી અને ચણા લઈ જવા, દાગીના, કપડાં કે બંગડી બોકસ, કે બીજી કોઈ ચીજવસ્તુઓ લઈ જવી નહિ.

સગાઈ, હાયડામાં નાતની કલમનો ભંગ કરશે તો રૂા. ૨૫૦૦/-નો દંડ થશે

## કલમ-૨ લગ્નની વિગત ::

લગ્ન લઈને અગિયાર (૧૧) વ્યકિતએ જવું, લગ્નમાં લગ્ન સોપારી લઈને જવું, લગ્ન સાંજે આવે અને બીજા દિવસે જમીને પરત થાય. જમણમાં યથા શકિત પ્રમાણે ભોજન આપવું.

મંદિરમાં રૂા. ૫૧/-, બ્રાહ્મણને રૂા. ૫૧/-, ઢોલીને રૂા. ૫૧/- આપવા

## કલમ-૩ જાનની વિગત ::

જાનમાં વરરાજા સાથે વધુમાં વધુ ૬૫ (પાંસઠ) જાનૈયા આવી શકશે.જાનડીયો સદંતર બંધ કરવામાં આવે છે. લુણાવાડી નાની છોકરી પણ લાવી શકાશે નહિ. ભેટ સોગાદો તથા ચાંદલાની લેવડ દેવડ ચાલુ કરવામાં આવે છે. પરંતુ લીસ્ટનું જાહેરમાં વાંચન કરવું નહિ. અને જાનને સોપી દેવું. (શકય હોય ત્યાં સુધી રોકડમાં વહેવાર કરવો) માંડવે તથા મુરતીયાના ઘેર બેન્ડ વાજા વગાડી શકાશે. જાનમાં બેન્ડ વાજા સાથે લઈ જવા નહિ. ફટાકડા ફોડવા નહિ, ફુવારા છાંટવા નહિ, વિડીયો શુટીંગ કરવાની તથા ફોટા પાડવાની છુટ આપવામાં આવે છે. વરોઠી સદંતર બંધ છે. કુંવાસીને યથા શકિત પ્રમાણે આપવું એક કરતા વધારે જાન આવતી હોય તો જે જાન વહેલી આવે તેને ઉતારે લઈ લેવી. કંકુ કન્યા કરવાની છુટ છે. માંડવો જોવાની અને રંભો કરવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

દિકરી ત્યાંનું દહેજ, વરપક્ષ તરફથી દહેજના રૂા. ૭૫૧/- (સાતસો એકાવન) કન્યા પક્ષને આપે. દાગીનામાં વરપક્ષ તરફથી ચાંદીના કંગન કે મૂરતીયાં, ચાંદીનું મંગળસુત્ર, ચાંદીની ઝાંઝરી અથવા છડા, સોનાની કાનની બુટ્ટી લાવવી. (સોનાની બુટ્ટી સિવાય કોઈપણ દાગીનો સોનાનો લાવવો નહિ)



Scanned by CamScanner

કન્યા પક્ષ તરફથી વળતરમાં દિકરીને નાકની સોનાની ચુની, કન્યાના કપડાં અને ચંપલ આપવા. પીતળનું બેડું, બાજોઠ, દીવાઘર, જમાઈને રૂા. ૧૦/ખભા ઢંકણાના અને વેવાઈને પાઘડી અને કસબનો રૂા. ૧ (એક) આપવો.

પાહોલી ભરાવવાની છુટ છે. જાન સવારે આવે અને સાંજે વિદાય થાય જાન મુરતના સમય પહેલાં પહોંચી જવી જોઈએ. જમણમાં યથા શકિત પ્રમાણે ભોજન આપવું. વરને મનપસંદ કપડાં પહેરવાની છુટ છે. અણવર કુટુંબના સભ્યમાંથી મુકવો અને તેને પેન્ટ પીસ આપવો.

બ્રાહ્મણને રૂા. ૫૦૧/-, ઢોલીને રૂા. ૫૦૧/-, મંદિરમાં રૂા. ૨૦૧/-, નાતગોરને રૂા. ૧૦૧/-,નટને રૂા. ૨૫/-, સુડેસાને રૂા. ૨૫/- આપવા.

**કલમ-૪ મામેરા-મોસાળાની વિગત ::**

મામેરૂ-મોસાળુ સંપત પ્રમાણે લઈ જવાની છુટ છે. મામેરૂ-મોસાળુ દર્શાવવું, પરંતુ આંક કરવો નહિ. મામેરા મોસાળામાં ઘરના સભ્યોનાં કપડાં ઉપરાંત વેવાઈની પાઘડી, વેવાઈને પેન્ટ કે ધોતી અને વેવણને સાડલો આપવો, નજીકના કુટુંબીજનોને રૂા. ૧૦-૧૦ ઓઢામણાના આપવા.

મામેરા-મોસાળા તરફથી મંદિરમાં રૂા. ૫૧, બ્રાહ્મણને રૂા. ૫૧, ઢોલીને રૂા. ૫૧ આપવા. મામેરૂ-મોસાળુ લઈને જાય તેમણે વળતરમાં કાંઈ લેવું નહિ. (ટહુકો પાડયા સિવાય શ્રીકૃષ્ણાર્પણ કરવું) મામેરામાં ઓઢામણા લઈ જવા ની છુટ છે

આ નિયમ તોડે તો રૂા. ૫૦૦૧/- નાતનો દંડ ભરવો પડશે.

**કલમ-૫ શ્રીમતની વિગત ::**

શ્રીમતમાં વધુમાં વધુ ૧૧ (અગિયાર) સ્ત્રીઓએ જવું. શ્રીમતમાં શ્રીફળ, એક જોડી કપડાં, સાત પડા, સવાશેર ચોખા અને ચંપલ લઈ જવા. કોઈ દર દાગીનો લઈ જવો નહિ. શ્રીમતમાં જનારી સ્ત્રીઓએ ઓઢામણું લેવું નહિ, દિકરીના સાસુ-સસરા અને નણદને રૂા. ૧૦-૧૦ માનપાનના આપવા અને જમાઈને પેન્ટ પીસ આપવો.

દિકરીની સુવાવડ પછી બોલામણામાં ૯ (નવ) સ્ત્રીઓએ જવું યથાશકિત પ્રમાણે લઈ જવું. બાકીની લેવડદેવડ કરવી નહિ. ઝેમણુ લઈ જવાની છુટ છે. વહુની સુવાવડ પ્રસંગે બોલાવવા જાય ત્યારે કોઈ ખાધા ખોરાકીની ચીજ વસ્તુ લઈ જવી નહિ. જનાર સ્ત્રીઓને રૂા. ૧૦-૧૦ માનપાનના આપવા.

**કલમ-૬ અગેણીના આણાની વિગત ::**

અગેણીના આણામાં અગિયાર માણસોએ જવું. આણું તેડવા સવારે જવુ અને સાંજે પરત આવવું. કન્યાપક્ષ તરફથી જમાઈને એક જોડી કપડાં અને સાથે આવેલને પાઘડી કે ધોતી અથવા પેન્ટ પીસ આપવા.

**કલમ-૭ ઘઘેણું (પુનઃલગ્ન) ની વિગત ::**

ઘઘેણું (પુનઃ લગ્ન)નું આણું તેડવા મૂરતીયા સહિત વધુમાં વધુ ૧૫ (પંદર) માણસોએ જવું. સગાઈમાં રૂા. ૫૧/- હાંસડી પેટે આપવા. લગ્નમાં જણાવેલ દાગીના લઈ જવા. દહેજ રૂા. ૫૫૧/- (પાંચસો એકાવન) નક્કી કરવામાં આવે છે. જમણ યથાશકિત પ્રમાણે આપવું. જમાઈને પેન્ટ પીસ, વેવાઈને પાઘડી અને સાથે આવનારને રૂા. ૧૦-૧૦ માનપાનના આપવા.

વેલ ના રૂા. ૫૧/- (એકાવન) કન્યાનો બાપ મુરતીયાના બાપને આપે વેલ વછોડયા સિવાય કન્યા ઓળાવે તો નાત તેની પાસેથી રૂા. ૫૦૦૧/- (પાંચ હજાર એક) દંડ લેશે

**કલમ-૮ સગાઈ તોડવાની વિગત ::**

સગાઈ તોડતી વખતે ગુનેગાર પાસેથી રૂા. ૨૫૦૧/- (પચ્ચીસો એક) દંડના લેવા અને આ રકમ નાતમાં જમા કરાવવી.

**કલમ-૯ છૂટાછેડાની વિગત ::**

છૂટાછેડા વખતે ગુનેગાર પાસેથી રૂા. ૫૧૦૦૦/- (એકાવન હજાર) નાત કરાર લેવો. તેમાંથી રૂા. ૪૦૦૦૦/- (ચાલીસ હજાર) ઘરધણીને આપવા અને રૂા. ૧૧૦૦૦/- (અગિયાર હજાર) નાતમાં આપવા. દિયરવટાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

**કલમ-૧૦ બપોરા તથા ટાણાની વિગત ::**

બપોરામાં ખીચડી-કઢી આપવી અથવા ખીચડી દાળ આપવી. મીઠા બપોરાની છુટ આપવામાં આવે છે. બપોરામાં અફીણ, બીડી, તમાકુ અને પીટણી બંધ કરવામાં આવે છે. બપોરામાં જનાર દરેક વ્યકિતએ મોસાણીના રૂા. ૧૦ ફરજીયાત આપવા.

અકાળે અવસાન થાય અથવા નાની ઉંમરે અવસાન થાય તેવા સમયે ટાણુ કે બારમું કરવું નહિ, અવસ્થાવાન વ્યકિતના અવસાનમાં ટાણુ કરવાની છુટ છે. મોઢકણા લાવવાની અને સેજાદાન ભરવાની છુટ છે. પરંતુ સેમાડીયુ કરવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. કોઈ ગામે સેમાડીયું કરવાની પરવાનગી માગવી નહિ અને નાતે પરવાનગી આપવી નહી.



Scanned by CamScanner

ટાણામાં આવેલ કુવાસીને યથા શકિત પ્રમાણે ઓઢામણું આપવું. ગોરને રૂા. ૧૫૧, ગામોટને રૂા. ૧૦૧, વતાગરીયાને રૂા. ૧૦૧, આપવા.

સોગના સાડલાના બદલે બ્લાઉઝ પીસ આપવા.

નોંધ :- મંગળવાર સિવાય ગમે તે વારે બપોરે કરવાની છુટ આપવામાં આવે છે. બપોરો અને ટાણુ એકજ દિવસે કરવું હોય તો પણ છુટ આપવામાં આવે છે.

## કલમ-૧૧ આપઘાતની વિગત ::

આપઘાતના કિસ્સામાં જેનો ગુનો હોય તેનો સમાજ ન્યાય કરીદંડ કે શિક્ષા કરી શકશે.

દિકરી-દિકરાના કોઈપણ ઝગડામાં જે તે ગોળની નાત માં સમાજ રૂએ સમાધાન કરવું સમાજની રજા સિવાય કોર્ટ કચેરીએ જવું નહિ.

**નોધ** :- સગપણ, લગ્ન, ઘઘેણું અને મા-બાપના કારજમાં ગરાસ સિવાયના કોઈપણ માંગણને કઈપણ આપવું નહિ બપોરામાં બારોટ કે સાધુએ વાર્તા કહેવી નહિ અને સમાજના કોઈપણ વ્યકિતએ દક્ષિણા આપવી નહિ.

સમાજના હરકોઈ પ્રસંગમાં દારૂ, જુગાર પર પ્રતિબંધ મુકવામાં આવે છે. જે કોઈ વ્યકિત દારૂ પીશે કે પીવડાવશે, જુગાર રમશે કે રમાડશે તે નાતનો ગુનગાર બનશે અને વ્યકિત દીઠ રૂા. ૨૫૦૦/- દંડ લેવામાં આવશે.

ઉપરોકત બંધારણ અમો નાત ગંગા સમજી વિચારીને વિવેક બુધ્ધિથી સર્વાનુમતે તૈયાર કરીને આજથી તેનો અમલ કરવા બંધાઈએ છીએ. ઉપરોકત ધારાધોરણનું કોઈ વ્યકિત કે ગામ દ્વારા ઉલ્લંઘન કરવામાં આવશે તો તેવી વ્યકિત કે ગામને જયારે નાત મળશે ત્યારે ગુનેગાર વ્યકિત કે ગામને ગુના મુજબ યોગ્ય લાગે તે દંડ કે શિક્ષા  કરવામાં આવશે. આ ધારાધોરણના અમલ બાબતે પ્રશ્ન ઉભો થાય તો જે તે પરગણાએ તેનો નિકાલ કરવો. પરગણાથી પ્રશ્ન હલ ન થાય તો બીજા ત્રણ પરગણાના બે-બે વ્યકિતઓને બોલાવીને પ્રશ્નનો ઉકેલ લાવવો.

આપણા ચારેય પરગણા સિવાય પર (બીજા) પરગણાનો દિકરી-દિકરાનો ઝઘડો હોય તો તેમાં આપણું પરગણું જે ન્યાય કરે તેમાં ચારેય પરગણાએ સંમત રહેવું જે સગાવગે સામા વાળાને સાથ સહકાર આપશે તો પરગણાનો ગુનેગાર ગણાશે.

સમાજના આ કાનુન કરારનો કોઈ વ્યકિત કે ગામ ભંગ કરે તેને ત્રિકમ સાહેબની દુવાઈ, શ્રી ભગવાનની દુવાઈ અને નાતનો એરાદ રૂઠે.

**જય ભીમ**

# બંધારણ તૈયાર કરનાર કમિટિ

| નામ | ગામ | મોબાઈલ નંબર |
|---|---|---|
| (૧) મકવાણા લવજીભાઈ બોઘાભાઈ | રાધનપુર | ૯૦૯૯૫૬૪૫૦૬ |
| (૨) પરમાર કાનજીભાઈ ધુડાભાઈ | રાધનપુર | ૯૯૨૫૦૭૨૦૧૬ |
| (૩) મકવાણા બાબુભાઈ ખોડાભાઈ | રાધનપુર | ૯૮૯૮૩૦૭૦૪૦ |
| (૪) પરમાર ભોજાભાઈ ધુડાભાઈ | રાધનપુર | ૯૭૩૭૫૫૭૪૦૪ |
| (૫) મકવાણા જેહાભાઈ માનાભાઈ | શ્રીનાથ | ૯૯૦૪૬૭૨૪૯૫ |
| (૬) મકવાણા સોમાભાઈ શીવાભાઈ | શ્રીનાથ | ૮૩૪૭૪૩૦૪૬૭ |
| (૭) મકવાણા હમીરભાઈ જેઠાભાઈ | ભાડીયા | ૯૭૧૪૧ ૨૮૩૪૩ |
| (૮) પોરધીયા છગનભાઈ ગાંગાભાઈ | અમીરપુરા | ૯૯૨૫૦૯૩૪૨૭ |
| (૯) પોરધીયા દુદાભાઈ ખાનાભાઈ | અમીરપુરા | ૯૯૦૯૮૦૦૪૮૨ |
| (૧૦) સોલંકી સોમાભાઈ જેઠાભાઈ | મસાલી | ૯૭૨૭૩૦૪૬૫૮ |
| (૧૧) સોલંકી જેહાભાઈ કમાભાઈ | મસાલી | ૯૯૦૯૮૨૪૬૯૧ |
| (૧૨) સોલંકી મોહનભાઈ ગલાભાઈ | અરજણસર | ૯૭૨૭૨૩૯૧૧૭ |
| (૧૩) સોલંકી પાલાભાઈ નાથાભાઈ | અરજણસર | ૯૦૯૯૧૦૧૧૭૯ |
| (૧૪) પરમાર લક્ષ્મણભાઈ લાલાભાઈ | ધરવડી | ૯૬૮૭૪૪૮૯૬૧ |
| (૧૫) વાઘેલા ડાયાભાઈ ધુડાભાઈ | બાદરપુરા | ૯૫૭૪૧૧૧૨૪૨ |
| (૧૬) મકવાણા ગોવાભાઈ હરજીભાઈ | બંધવડ | ૯૯૭૯૬૩૪૦૬૦ |
| (૧૭) સોલંકી બાબુભાઈ રઘુભાઈ | સુબાપુરા | ૯૯૦૪૦૮૨૯૩૬ |
| (૧૮) પરમાર ગોવિંદભાઈ ધનાભાઈ | નાનાપુરા | ૯૯૭૯૧૩૨૪૫૫ |
| (૧૯) પરમાર મગનભાઈ ભગાભાઈ | નાનાપુરા | ૯૪૨૭૫૨૦૨૧૨ |
| (૨૦) મકવાણા કરમશીભાઈ વાલાભાઈ | શેરગઢ | ૯૯૭૯૩૨૦૭૦૭ |
| (૨૧) મકવાણા પેથાભાઈ શીવાભાઈ | શેરગઢ | ૯૯૨૫૩૦૯૭૮૭ |
| (૨૨) મકવાણા કાનજીભાઈ ધુડાભાઈ | મેમદાવાદ | ૯૭૨૬૩૭૮૧૮૨ |
| (૨૩) મકવાણા ઓખાભાઈ મોહનભાઈ | મેમદાવાદ | ૯૯૦૯૧૭૯૧૩૪ |
| (૨૪) પરમાર કનુભાઈ પાલાભાઈ | લોટીયા | ૭૫૬૭૭૧૫૨૮૩ |
| (૨૫) પરમાર નાગજીભાઈ બબાભાઈ | જાવંત્રી | ૯૮૭૯૫૧૪૫૩૩ |
| (૨૬) મકવાણા લવજીભાઈ કાનજીભાઈ | સબ્દલપુરા | ૯૮૨૫૭૬૩૩૬૪ |
| (૨૭) સોલંકી ધારસીભાઈ ત્રિકમભાઈ | દેગામ | ૯૭૨૫૬૨૪૧૪૦ |
| (૨૮) પરમાર દેવસીભાઈ ઓખાભાઈ | સમી | ૭૮૭૪૨૩૪૭૦૫ |
| (૨૯) પરમાર ફકીરભાઈ વિરાભાઈ | સમી | ૯૯૨૫૭૩૨૭૩૫ |
| (૩૦) પરમાર શીવાભાઈ મઘાભાઈ | સમી | ૯૪૦૯૦૬૩૧૯૪ |



Scanned by CamScanner

# જય ભીમ



**શિક્ષિત બનો... સંગઠીત બનો... સંઘર્ષ કરો...**

Scanned by CamScanner

| નામ | ગામ | મોબાઈલ નંબર |
|---|---|---|

શ્રી ગણેશાય નમઃ

## નાત ગંગાની જય

પંચ ત્યાં પરમેશ્વર

સંપ ત્યાં જંપ









વિક્રમ સંવત ૨૦૭૫ ના મહાસુદ-૧૫ ને મંગળવાર તા. ૧૯-૨-૨૦૧૯ ના રોજ શ્રી સતનામ મુળહંસ મંડળના નેજા હેઠળ શ્રી જેહાભાઈ માનાભાઈ મકવાણા ગામ સીનાડ તરફથી શ્રી લાલદાસ બાપુની મઢી રાધનપુર મુકામે વઢિયાર,જતોડા પરગણા (રાધનપુર, સમી, મુજપુર, વારાહી) ના રોહિદાસ વંશી સમાજના બંધારણ કમિટિ ના સભ્યોની મીટીંગ મળી જેમાં હાજર સભ્યોની સર્વ સંમતિથી અને સૌની હાજરીમાં નીચે મુજબના સુધારા -વધારા કરવામાં આવેલ છે જેનો અમલ સમાજના દરેક ગામે કરવાનો રહેશે.

**સુધારા**

(૧) કલમ નં. ૧ માં માંડવે સગાઈ કરવાની છૂટ આપવામાં આવે છે.

(૨) કલમ નં. ૪ માં મામેરા મોસાળામાં ઓટામણા લઈ જવાની અને સામેથી લાવે તેના લઈ લેવાની છૂટ આપવામાં આવે છે.

લિ. બંધારણ કમિટિના સભ્યો

Scanned by CamScanner